# ભગવાનનાં દિવ્ય ચૈતન્યો

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**સદ્ગુરુ** સાધુ પૂ. મનોજદાસજીએ એકવાર એક બહુ સરસ ઉદાહરણ જણાવ્યું હતું. મને આશા છે કે, તેઓએ જેટલી સ્પષ્ટતાથી તે પ્રસ્તુત કર્યું હતું, એટલી સારી રીતે હું પણ જણાવી શકીશ. જો કે, તેઓની વાતનો સાર કંઈક આવો હતો : કલ્પના કરો કે, તમે સિનેમા હૉલમાં એક ફિલ્મ જોઈ રહ્યા છો કે જેમાં ખલનાયકનું પાત્ર હ્રિતિક રોશન, શાહરૂખ ખાન અથવા તમે જેમના પ્રશંસક છો તેવા કોઈ અન્ય અભિનેતા ભજવી રહ્યા છે. ફિલ્મ પત્યા પછી જ્યારે તમે થિયેટરની બહાર નીકળો અને ત્યારે ફિલ્મનો તમારો એ પ્રિય અભિનેતા સાચે જ ત્યાં હોય તો પછી તમે શું કરો ?

મને લાગે છે કે, તમે એકદમ રોમાંચિત થઈને તેમની પાસે દોડી જાઓ અને તેમની સાથે સેલ્ફી લેવા માટે પૂછો. પરંતુ, અહીં લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે કે, ફિલ્મમાં તેમનાં ખલનાયક જેવાં કૃત્યો માટે તમે તેમની પર ગુસ્સે કેમ નથી થતા ? શા માટે હ્રિતિક રોશન અથવા શાહરૂખ ખાન પર બરાડવાનું તમે ચાલુ નથી કરી દેતા ? આમ તો તેઓએ એક દુષ્ટ પાત્રની જ ભૂમિકા ભજવી હતીને !

જવાબ સ્પષ્ટ છે : **કારણ કે, તેઓ તો માત્ર તે પાત્રની ભૂમિકા જ ભજવી રહ્યા હતા**; વાસ્તવમાં તેઓ કંઈ એવા વ્યક્તિઓ નથી. અભિનેતાઓ તો ફક્ત લેખક દ્વારા લખાયેલ ને દિગ્દર્શક દ્વારા નિર્દેશિત પાત્રનો વેશ ભજવી રહ્યા હતા.

તેવી જ રીતે, આપણા જીવનમાં આવનાર **દરેક વ્યક્તિ પણ શ્રેષ્ઠ પટકથા લેખક અને દિગ્દર્શક-ભગવાન દ્વારા લખાયેલ ભૂમિકા જ માત્ર ભજવી રહ્યા હોય છે.** જ્યારે આપણાં બાળકો આપણને હેરાન કરે છે, ચીડ ઉપજાવે છે અથવા આપણું કહ્યું નથી કરતાં, ત્યારે તે ક્ષણે તેમને ભગવાન દ્વારા ફક્ત આ જ ભૂમિકા સોંપવામાં આવી હોય છે. આવો દૃષ્ટિકોણ કોઈ પણ ઉંમરનાં બાળકો માટે અને સહકાર્યકરો, મિત્રો ને અન્ય પ્રિયજનો માટે પણ લાગુ પાડી શકાય છે.

જ્યારે આપણે સ્વીકારીએ કે, ભગવાને જ દરેક વ્યક્તિ માટેના સંવાદો અને ક્રિયાઓની સ્ક્રિપ્ટ લખી છે, ત્યારે આપણે એવું માની શકીએ છીએ કે, દરેક વ્યક્તિ ફક્ત કોઈ ને કોઈ પાત્રની ભૂમિકા ભજવી રહ્યા છે. જો ભગવાન જ દરેક વ્યક્તિને દોરી રહ્યા હોય તો હવે કોઈનીય ખામી-ત્રુટિ જોવી મુશ્કેલ બની જશે. અને આ રીતે આપણે નિર્દોષબુદ્ધિનો સિદ્ધાંત-સૌ દિવ્ય ને દોષરહિત છે તેનું પાલન કરી શકીશું.

આ બહુ અગત્યનો બોધ છે. પરંતુ, આપણાં બાળકોને ભગવાનનાં ઈન્સ્ટ્રુમેન્ટ્સ માનવા પાછળનો હેતુ શું છે ?

જ્યારે આપણું બાળક આપણી લાગણીઓ દુભવે, આપણી સામે બોલે, ઉદ્ધતાઈથી વર્તે, આપણો અનાદર કરે, જૂઠું બોલે અથવા આપણું કહ્યું ના માને ત્યારે સ્વાભાવિક રીતે આપણે ગુસ્સે થઈએ છીએ અથવા દુઃખ અનુભવીએ છીએ. જો કે, આપણો આવો ઉદ્વેગ ઘણીવાર બાળકના વર્તનમાં કોઈ યોગ્ય પરિવર્તન લાવવાને બદલે નિરર્થક પ્રતિક્રિયાઓ તરફ દોરી જાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આવા સમયે કોઈ પ્રતિભાવ આપવાને બદલે સમતા રાખીએ, તો આપણે આપણાં બાળકોને હવે પછી વધુ સારું વર્તન કરવાની રીત શીખવી શકીએ.

પ્રસંગે સમતા રાખવાના આ સિદ્ધાંતની કસોટી વર્ષો પહેલાં પિયોરિયા ઘરમંદિરના પાટોત્સવ દરમિયાન થઈ. હું અને મારી બહેન ઠાકોરજીની પિછવાઈ બદલીને અમારાં માતા-પિતાને અચંબિત કરવા માંગતાં હતાં. કાર્યક્રમ શરૂ થવાની પંદર મિનિટ પહેલાં મારાં માતા-પિતા અમને જોવા માટે આવ્યાં અને આશ્ચર્ય પામ્યાં - પણ સારી રીતે નહીં ! કારણ, સુશોભન માત્ર અડધું જ પૂરું થયું હતું અને થોડા સમયમાં તો ભક્તો આવવાના ચાલુ થઈ જવાના હતા.

પહેલાં તો ઘણું કામ હજી બાકી છે તે જોઈને ગભરાઈ ગયેલાં મારાં માતા-પિતાએ તરત જ સાહેબજીની શીખને યાદ કરી અને મારા ને મારી બહેનમાં રહીને ભગવાન કામ કરી રહ્યા છે તેવો તેમનો દૃષ્ટિકોણ કરી દીધો. અમને બેદરકાર અથવા અણઘડ બાળકો માનવાને બદલે અમે ભગવાનનાં કાર્યનાં ઈન્સ્ટ્રુમેન્ટ છીએ એવું માનીને તેઓ સમતામાં રહ્યાં અને સમસ્યાના ઉકેલમાં અમારી સાથે રહ્યાં, ને એ છેલ્લી કઠિન ઘડીઓમાં અમને સુશોભન પૂરું કરવામાં મદદ કરી. જો તેઓએ ગુસ્સે થઈને કોઈ પ્રતિક્રિયા આપી હોત, તો પણ અમે સુશોભન તો પૂરું કરી દીધું હોત, પરંતુ, તે એકજુટ થઈને ના થયું હોત, ગમે તેમ પૂરું થયું હોત. સાહેબજીએ આપણાં માટે જે આદર્શ સ્થાપ્યો છે તે રીતે મારાં માતા-પિતા અમારી સાથે પ્રેમપૂર્વક વર્ત્યાં.

આવી નિર્દોષબુદ્ધિ આપણાં જીવનમાં સદાય જળવાઈ રહે તે માટે પૂ. મનોજદાસજીએ આપણને દરરોજ આ પ્રાર્થના સાથે ૩૦ મિનિટ ધૂન કરવા માટે પ્રેરણા આપી છે કે, 'હે પ્રભુ ! આપ આખો દિવસ મારી સાથે રહેજો. મને પ્રેરણા આપજો અને મારાં વિચાર, વાણી અને વર્તનમાં આપ પ્રગટ રહેજો ! જે કોઈ પણ આજે મારા સંપર્કમાં આવે, તો કૃપા કરીને તેમનાં વિચાર, વાણી અને વર્તનમાં પણ આપ પ્રગટ રહેજો.' આપણી આસપાસનાં લોકોનાં વિચાર, વાણી અને વર્તનમાં ભગવાન હાજર રહે તે માટે પ્રાર્થના કરીએ છીએ, તો કોઈ આપણને જ્યારે કંઈ જુદો પ્રતિભાવ આપે ત્યારે આપણે એવું સ્વીકારીએ કે, તેઓ દ્વારા ભગવાન બોલી રહ્યા છે. અને જો કોઈ પ્રેમાળ હોય તો આપણે માનીએ કે, તેઓ દ્વારા ભગવાન આપણી પર પ્રેમ વરસાવી રહ્યા છે.

દરેક વ્યક્તિમાં ભગવાન જુઓ-આ સિદ્ધાંતને મારા જીવનના આચરણમાં મૂકવા અને ખાસ કરીને મારા સ્વજનોમાં કે જેમના માટે આ સિદ્ધાંત સહજ વિસરાઈ જતો હોય છે તેઓમાં ભગવાન જોઈ શકું તેવી અભીપ્સા સેવું છું. સાધનામાર્ગે ચાલતા આપણે સૌ સાધકો એકબીજાને ભગવાનનાં દિવ્ય ચૈતન્યો માનવાના લક્ષ્યની પ્રાપ્તિ માટેની પ્રાર્થના સાથે રોજ આપણા દિવસનો પ્રારંભ કરીએ. ◆

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-જાન્યુઆરી, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)